મહિલા વિંગની કચેરી હેઠળ ઉભા કરાયેલ Internal DBT Cell અંતર્ગત આઉટસોર્સિંગના એમ.આઈ.એસ.કન્સલટન્ટ અને ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવાઓ માટેના મહેનતાણા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક :WCDD/WOW/e-file/23/2022/1483/A
સચિવાલય, ગાંધીનગર.
તા. /૧૧/૨૦૨૫

**વંચાણે લીધા**

(૧) વિભાગનો તા.૧૫/૧૦/૨૦૧૯ નો પત્રક્રમાંક:-નવસ/૨૧૨૦૧૬/૨૬૦૧/અ

(૨) વિભાગનો તા.૦૧/૦૫/૨૦૧૭નો ઠરાવક્રમાંક : મહય/૧૦૨૦૧૬/૨૬૦૧-DBT/અ

(૩) નિયામકશ્રી (મ.ક), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૦૨/૦૭/૨૦૨૫નો પત્ર ક્રમાંક : WCDWW/0056/06/2025

**પ્રસ્તાવના :**

મહિલા વિંગની કચેરી હેઠળ ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક : (૧)થી ઉભા કરાયેલInternal DBT Cell અંતર્ગત વંચાણે લીધા ક્રમાંક (૨)ના ઠરાવથી ૦૧ એમ.આઈ.એસ.કન્સલટન્ટ અને ૦૨ ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવાઓ આઉટસોર્સથી મેળવવાની મંજુરી આપવામાં આવેલ હતી.

આ માનવબળની આઉટસોર્સિંગ સેવાઓ માટે એમ.આઈ.એસ.કન્સલટન્ટના મંજુર થયેલ મહેનતાણાંમાં અન્ય ચાર્જિસ અંગે ઉલ્લેખ કરેલ ન હોઈ તથા ૦૨ ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યાઓ માટે શ્રમ આયુક્ત કચેરીના લઘુતમ વેતનધારાની જોગવાઈ મુજબ વેતન ઓછું હોવાથી નિયામક(મહિલા કલ્યાણ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીના ક્રમાંક: (૩)ના પત્રથી દરખાસ્ત કરેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે,મહિલા વિંગની કચેરી હેઠળ ઉભા કરાયેલ Internal DBT Cell અંતર્ગત વંચાણે લીધા (૨) હેઠળના ઠરાવ મુજબ મંજુર થયેલ ૦૧ એમ.આઈ.એસ.કન્સલટન્ટની આઉટસોર્સિંગ સેવાઓ માટે માસિક મહેનતાણું રૂ.૪૦,૦૦૦/- અન્ય ચાર્જિસ સિવાય ચૂકવવાની અને ૦૨ ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યાઓ માટે માસિક વેતન રૂ.૧૫,૦૦૦/- (અન્ય ચાર્જિસ સિવાય) ચૂકવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૨૪/૧૧/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

Signature Not Verified
Signed by : BHIL HARDIK VALJIBHAI
Under Secretary
Women and Child Development Department
Date : 2025.12.02 11:07:36 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

હાર્દિક વી. ભીલ
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી (મ.ક), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(મહિલા અને બાળ કલ્યાણ વિભાગ), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, એકાઉન્ટન્ટ જનરલની કચેરી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી ગાંધીનગર/અમદાવાદ
- સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by : BHIL HARDIK VALJIBHAI
Under Secretary
Women and Child Development Department
Date : 2025.12.02 11:07:36 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign